# અહેવાલ    ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૭મું જ્ઞાનસત્ર

અજય પાઠક

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના આંગણે ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૭મા જ્ઞાનસત્રનું આયોજન તા. ૨૧, ૨૨, ૨૩ ડિસેમ્બર, ૨૦૧૨ના રોજ થયું હતું. પરિષદ-પ્રમુખ શ્રી વર્ષા અડાલજાએ અધ્યક્ષસ્થાન શોભાવ્યું હતું.

૨૭મા જ્ઞાનસત્રના ત્રિદિવસીય કાર્યક્રમનો આરંભ યુનિવર્સિટીના કન્વેન્શન હૉલમાં તા. ૨૧, શુક્રવાર, સવારે ૧૧ કલાકે કવિશ્રી નર્મદના 'જય જય ગરવી ગુજરાત' કાવ્યના સુંદર ગાન સાથે થયો હતો. મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી અશોક વાજપેયી (પ્રસિદ્ધ કવિ અને વિવેચક), ગોવિંદ સરૈયા (જાણીતા ફિલ્મ-દિગ્દર્શક), વર્ષા અડાલજા, રઘુવીર ચૌધરી, ભગવતીકુમાર શર્મા, અનિલા દલાલ, હર્ષદ ત્રિવેદી, રાજેન્દ્ર પટેલ, દક્ષેશ ઠાકર (વા. ચા.) તથા જે. આર. મહેતા (કુલસચિવ) શોભાયમાન હતા. ઉદ્‌ઘાટકશ્રી અશોક વાજપેયી, અતિથિવિશેષશ્રી ગોવિંદ સરૈયા તથા અન્ય મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટ્ય-વિધિ સંપન્ન થયો હતો. શ્રી દક્ષેશ ઠાકરે સ્વાગત-પ્રવચનમાં જ્ઞાનસત્ર-આયોજનના આ પ્રસંગને એક મહત્ત્વના ઓચ્છવ તરીકે વર્ણવ્યો હતો. વધુમાં તેમણે આ વર્ષથી ગુજરાતી વિભાગનો અલગ દરજ્જો પ્રાપ્ત થયો તે વાતનો સહર્ષ ઉલ્લેખ કર્યો તથા આ માટે આ વિભાગને શ્રી હિતેશ પટેલ દ્વારા રૂપિયા ૨ કરોડ જેટલી રકમનું દાન પ્રાપ્ત થયું હતું તેનો આનંદ પ્રગટ કર્યો હતો. મંચસ્થ માનવંતા મહેમાનોનું શાલ તથા પુસ્તક અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 'તાપી દક્ષિણ તટ...' નામે આ પ્રસંગે તૈયાર કરવામાં આવેલ 'સ્મરણિકા'નું શ્રી વર્ષા અડાલજાના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. તદ્દુપરાંત કુલપતિશ્રીના પુસ્તક 'શિક્ષક ઉડ્ડયન'નું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પરિષદના મહામંત્રીશ્રી રાજેન્દ્ર પટેલે પરિષદની કામગીરીનો વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. સૌ ડેલિગેટ્સને ૪૪ પાનાંની પુસ્તિકા મારફત અહેવાલ આગોતરો વિતરિત કરવામાં આવ્યો હતો અને શ્રી રાજેન્દ્ર પટેલે રજૂઆત દરમિયાન સંક્ષેપમાં લગભગ બધી જ મહત્ત્વની કામગીરીઓનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે જણાવ્યું કે દસેક દિશાઓમાં પરિષદનું કામ ચાલે છે. તેમણે એ વાત ભારપૂર્વક જણાવી કે પરંપરા અને આધુનિક એવી બંને ધારાઓનું જતન પરિષદ કરે છે. પરિષદની સામાજિક પ્રતિબદ્ધતાનો ઉલ્લેખ કર્યો તેમ સુરતના મિત્રો દ્વારા થતી કામગીરીનો ઉલ્લેખ કર્યો. પરિષદની અનેકવિધ પ્રવૃત્તિઓના ઉલ્લેખ દ્વારા તેમણે પ્રવૃત્તિના વ્યાપનો ખ્યાલ આપ્યો હતો.

શ્રી રઘુવીર ચૌધરીએ અધ્યક્ષશ્રી વર્ષા અડાલજાનો પરિચય રસપ્રદ શૈલીમાં

આપ્યો હતો. તેમણે તેમના વક્તવ્યમાં અશોક વાજપેયી, ગોવિંદ સરૈયા, અનિલાબહેન દલાલ તથા ભગવતીકુમાર શર્મા વગેરે સૌ વિશે ટૂંકા ઉલ્લેખો કર્યા હતા. વર્ષા અડાલજાનો પરિચય આપતાં તેમણે વર્ષાબહેનની વાર્તાઓ, નવલકથાઓ, નાટ્યપ્રવૃત્તિ વગેરેની વાત કરી તેમ ગુણવંતરાય આચાર્યનાં દીકરી તરીકેય ખાસ ઉલ્લેખ કર્યો હતો. ધીરુબહેન પટેલ, હિમાંશી શેલત, કુંદનિકા કાપડિયા વગેરે નારીવાદી લેખિકાઓનો ઉલ્લેખ કરીને આ ક્ષેત્રમાં વર્ષાબહેનના નારીવાદી લેખનને યાદ કર્યું હતું.

અધ્યક્ષીય પ્રવચનમાં શ્રી વર્ષા અડાલજાએ પંદર પાનાંના તેમના મુદ્રિત વક્તવ્યને તંતોતંત વાંચવાને બદલે આરંભમાં કેટલીક કેફિયત રજૂ કરીને સુરત સાથેના, પરિષદ સાથેના ક્રમશઃ વિકસી આવેલા સંબંધોને યાદ કર્યા હતા. તેમણે પોતાના વક્તવ્યનું શીર્ષક આપ્યું હતું – ''આખરે વાત માણસની છે.'' તેમણે કહ્યું કે ''ઈ. સ. ૧૯૭૨માં આજોલ, પરિષદના જ્ઞાનસત્રમાં આવી હતી અને આજે જ્ઞાનસત્ર સુરતમાં છે. ૨૦૧૨માં હું એનાં પ્રમુખપદે છું, મારું ગમતું હોંશીલું શહેર. મારે માટે સુરત સોનાની મૂરત બન્યું. નિયતિનું એક વર્તુલ પૂરું થયું. મારી સર્જનયાત્રાનો ચાલીસ વર્ષે આ મુકામ આવશે એવું તો સપનામાંય ધાર્યું નહોતું !'' સદ્‌ગત ભોળાભાઈ પટેલનું તેમણે ભાવપૂર્વક સ્મરણ કર્યું અને કહ્યું કે ''આજે ભોળાભાઈને સ્થાને ઊભી છું, એ વાતથી મારા મનમાં વિષાદ પણ છે.'' પછી સુરત વિશે બોલતાં જણાવ્યું કે ''રત્નનગરી, વસ્ત્રનગરી સુરતની અસલી ઓળખ એક સાહિત્યતીર્થની છે.'' પછી સુરતના સાહિત્યકારોને સંભાર્યા. ત્રણ નન્ના – નર્મદ, નવલરામ, નંદશંકર – નો ઉલ્લેખ કરીને જણાવ્યું કે ''આ નન્નામાં ચોથું નામ હવે લેવું પડે, નાનુભાઈ નાયક.'' ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ, ડાહ્યાભાઈ દેરાસરી, રણજિતરામ વાવાભાઈ મહેતા, ચં. ચી., જ્યોતીન્દ્ર દવે વગેરેના નામોલ્લેખ પછી ગનીભાઈ, વજુભાઈ ટાંક, સરોજ પાઠક વગેરેનુંય સ્મરણ કર્યું, અને ઉમેર્યું, ''સુરત અનેક રત્નોથી ઝળાંહળાં છે. રણજિતરામ વાવાભાઈએ ઈ. સ. ૧૯૦૫ના એપ્રિલ મહિનામાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રથમ અધિવેશનનું આયોજન અમદાવાદમાં કર્યું હતું ત્યારે તેમનો ઉમંગ કેવો હતો તેનું વર્ણન એક સર્જકની હેસિયતથી કર્યું હતું અને પછી પરિષદ આજે તેમણે સેવેલાં સ્વપ્નોને કેવી હોંશથી સાકાર કરે છે તેનો ટૂંક ઉલ્લેખ કર્યો હતો. પછી પૂર્વપ્રમુખોની વિદ્વત્તાને સંભારી સંકોચસહ જણાવ્યું હતું કે ''મને કથામાં રસ છે, વાર્તાઓ લખું છું. વિદ્વત્તાનો મારો કોઈ દાવો નથી.'' ''મને રસ છે માણસમાં.'' એમ કહી પોતાના વિષયની વાત માંડી. સ્ત્રીની યાતનાઓનું વર્ણન કરતી એક વીતક કથાનો પરિચય આપીને નારીવેદનાને વ્યક્ત કરી. આમ છતાં તેમણે સ્પષ્ટતા કરી, ''ના. નારીવાદનો પ્રચાર કે ઢંઢેરા પીટવાનો કોઈ આશય નથી, હોઈ શકે પણ નહીં. સમાજસુધારકની ધજા પણ મારા હાથમાં નથી.'' આ સ્પષ્ટતા પછીય પોતાના વિષય પર આવવાની નેમ સાથે કહ્યું કે ''આ વાત વિગતે કહેવાનું એટલા માટે બને છે કે સાહિત્ય કેટકેટલી ધારાઓમાં વહે છે ! છેવટે સાહિત્યનો પિંડ તો જીવન છે, સાહિત્યની

કલાકૃતિનો ઘાટ સર્જકતાને ચાકડે ચડી એમાંથી ઘડાય છે.'' વળી તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ''તો મૂળ વાત માણસની છે. સર્જનના કેન્દ્રમાં છે માણસ. માણસનો પર્યાય પણ માણસ જ. એની બાદબાકી કરી કશું ન નિપજાવી શકાય.'' પોતાના અમેરિકા પ્રવાસની એક ઘટના ટાંકીને જણાવ્યું, ''અમેરિકાના વૉશિંગ્ટન ડી. સી.માં નાસામાં પ્રવેશતાં જ ચંદ્ર પરથી આણેલો પથ્થર પ્રદર્શિત થયો છે. તમે એને સ્પર્શી શકો. બધા પથ્થર સાથે ફોટો પડાવતા હતા, મેંય પડાવ્યો. ત્યારે મારી બાજુમાં ઊભેલું એક બાળક ચકિત થઈને એના પિતાને પૂછી રહ્યું હતું, 'Daddy, it is just a stone. Why people are posing with it ?' આપણે ચંદ્ર સુધી પહોંચી જઈ શકીએ પણ મારી બાજુમાં ઊભેલા માણસનું રૂંવાડું સુધ્ધાં હું ન જાણતી હોઉં એવું બને !'' ત્યારે સાહિત્યની વ્યાખ્યા કરતાં કહ્યું કે ''સાહિત્ય એ છે જે મામસનો માણસને મોંમેળાપ કરાવે છે.''

અમૃતા પ્રીતમે એક વિશિષ્ટ પુસ્તકની વાત કરી છે, એની એક જ પ્રત સચવાઈ છે. તેનો ઉલ્લેખ કર્યો. અને કહ્યું, ''પુસ્તકની સાથે સર્જકનો જન્મ થયો. સર્જક સમાજની ચેતના છે. કલાનું કામ જ્યારે ચેતના બને છે ત્યારે જીવનનો એક ચમત્કાર સર્જાય છે. એ સમાજના લોકોનો અવાજ બની જાય છે. તેમણે બદ્રિનાથમાં છેક ઉપરની ટોચ પર પ્રાચીન વ્યાસગુફા છે તેની વાત કરી. ગુફામાં વ્યાસની કાળા પથ્થરની મૂર્તિ પ્રતિષ્ઠિત છે. અહીં ટોચ પર બેસીને સમગ્ર ભારતનું અખંડ દર્શન કરતાં વ્યાસ ભગવાને મહાભારત લખ્યું. પોતાનો અનુભવ ટાંકતાં વર્ષા અડાલજાએ જણાવ્યું કે ''વ્યાસગુફાનાં દર્શને જતાં એ ટેકરી હું ચડતી હતી ત્યારે મેં અદ્‌ભુત દૃશ્ય જોયું. અડધે રસ્તેથી ટોચ પરની વ્યાસગુફા દેખાતી હતી અને ખડકોમાં કોતરાયેલી ગુફાની છત પર એક અતિ ભવ્ય લાંબી પથ્થરની પાટ આડી પડી હતી એનો કુદરતી આકાર એક અત્યંત વિશાળકાય પુસ્તકનો. જાણે પુસ્તકનાં પાનાંઓ હોય એ રીતે કુદરતી અંકાયેલી, કોરાયેલી રેખાઓ. મહાભારતનો વિરાટ ગ્રંથ જ. જાણે હમણાં એક તેજ ગતિનો પવન ફૂંકાશે અને પાનાંઓ ફરફર ઊડશે. આપોઆપ મારાથી વંદન થઈ ગયાં.'' તેમણે વાચકની સજ્જતા માટે જિકર કરી. પુસ્તક વાચકને દૃષ્ટિ આપે છે તેમ જણાવી કહ્યું કે ''પુસ્તક પૃથ્વી પરનું કલ્પવૃક્ષ છે.'' અંતરમાં તેમણે જણાવ્યું કે ''આખરે વાત માણસની છે'' અને ઉમેર્યું કે ''દીવડાઓ કોઈ પણ હોય પણ જ્યોતિ સૌની એક જ છે.'' વર્ષાબહેને આરંભમાં જ પોતાની પરિષદપ્રીતિ વ્યક્ત કરતાં નારીસહજ ઉદ્‌ગાર કરેલો કે ''પરિષદ મારું પિયર છે. પુરુષોને આ વાત નહિ સમજાય કારણ કે પુરુષોને પિયર હોતું નથી.'' ઉદ્‌ઘોષક રાકેશભાઈએ યોગ્ય રીતે જ પોતાના સંચાલન નિમિત્તે સ્મરણાંકિત કર્યું હતું.

ત્યારબાદ શ્રી કપિલદેવ શુક્લએ ઉદ્‌ઘાટકશ્રી અશોક વાજપેયી તથા અતિથિવિશેષશ્રી ગોવિંદ સરૈયાનો પરિચય આપ્યો હતો. શ્રી અશોક વાજપેયીએ ઉદ્‌ઘાટકીય ઉદ્‌બોધનમાં કહ્યું કે કોઈ ભારતીય ભાષાએ 'જ્ઞાનસત્ર'નું આયોજન કર્યાનું યાદ નથી. અને ઉમેર્યું કે જ્ઞાન સાથેનો સંબંધ તૂટતો જાય છે. બાકી સાહિત્ય

તો કલ્પનાનો પ્રદેશ છે. તેમણે જે કેટલીક વાતો કરી તેમાં અસમિયા ભાષાનો અનુભવ નોંધપાત્ર ગણાય. ત્યાંના સમ્મેલનમાં દોઢ લાખની સંખ્યા માટે મોટો મંડપ બાંધવામાં આવ્યો હતો. અશોકજીને આ વાત નવીન લાગી. પરંતુ સાનંદાશ્ચર્ય વચ્ચે નોંધ્યું કે અઢી લાખ લોકોની ઉપસ્થિતિ હતી. લોકો પોતે પોતાનો ભાષા પ્રતિનો આદર એક જવાબદારીની સભાનતા સાથે વ્યક્ત કરે છે. મરાઠી ભાષાનો અનુભવ યાદ કરતાં નારાયણ સૂર્વે પોતાના મળેલા સન્માનથી ગદ્ગદિત બન્યા હતા તે વાતનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે ડૉક્ટર્સ, ન્યાયાધીશ વગેરે ઉચ્ચ ગજાના લોકો સાહિત્યના પ્રસંગે સ્વયંસેવક બની પોતાનો આદર પ્રગટ કરે છે. અશોકજીએ ભારપૂર્વક જણાવ્યું કે બધી જ ભાષાઓ સંકટમાંથી પસાર થઈ રહી છે. અભાષાનું વર્ચસ્વ વધી રહ્યું છે. તેમણે કહ્યું કે ભાષાઓની કટોકટી તે માનવ્યની કટોકટી છે. સંસાર ભાષાના કારણે નિર્માણ પામે છે. તેમણે ભારપૂર્વક કહ્યું કે ભાષાનો ઉદ્ભવ એ જ મોટી ક્રાન્તિ છે; અન્ય ક્રાન્તિઓ તો પછીથી તેના આધારે છે. માતૃભાષાનો મહિમા કર્યો અને ઉપસ્થિત સંકટનો નિર્દેશ કર્યો. તેમણે કહ્યું કે માતૃભાષાનો લોપ તે ભાષાનો લોપ નથી, માનવ-સંસ્કૃતિનો લોપ છે. ભાષા મૌલિક ચિંતનથી બને છે તેમ જણાવી ગાંધીજીના 'હિંદ સ્વરાજ્ય' પુસ્તકનો ઉલ્લેખ કર્યો. તેમાં પશ્ચિમી સંસ્કૃતિ પરની પૂર્વની સંસ્કૃતિની ટીકા છે. તેમણે બંગાળની બે વ્યક્તિ મળે તો તેઓ બંગાળી ભાષામાં વાત કરશે પણ બે હિંદી / ગુજરાતી વ્યક્તિઓ મળશે તો બેય ખોટી અંગ્રેજીમાં વાત કરશે. આ બેહૂદા વલણનો નિર્દેશ તેમણે કર્યો. તેમણે વર્તમાન સમયને સૌથી વધુ હિંસક સમય તરીકે ઓળખાવ્યો. દિલ્હીની વર્તમાન ઘટનાનો ઉલ્લેખ કર્યો, આતંકવાદ તો ખરો જ એમ કહી સાંસ્કૃતિક હિંસાનું ચિંતાજનક વલણ ચીંધી બતાવ્યું. વ્યક્તિની અવધારણા, સમાજની અવધારણાની વાત કરીને બજાર સમાજને પોતાના વર્ચસ્વ નીચે લાવે છે તે મોલસંસ્કૃતિની વાત કરી. તેમાં રહેલી બજારની હિંસાની વાત કરી. તેમણે એ વિરોધાભાસ ચીંધ્યો કે પહેલાં દુનિયા વિચારથી બદલાતી હતી; હવે દુનિયા ચીજોથી બદલાય છે. આપણાં ઘર ગોદામ બની રહ્યાં છે. સમાજની સંગ્રહવૃત્તિનો ઉલ્લેખ કરી તેમાં છૂપાયેલી સમાજની હિંસાનો નિર્દેશ કર્યો. તેમણે કહ્યું કે અધ્યાત્મનો આખરી બુર્જ સાહિત્ય છે. વર્તમાન સમયને તેમણે જૂઠના દિગ્વિજયનો સમય ગણાવ્યો. આ તકે ઇરાક પરના હુમલાનું દૃષ્ટાંત આપ્યું. અમેરિકા અને ઇંગ્લૅન્ડ બંને દેશના વડાઓ જૂઠ બોલી બોલીને ઇરાક પર હુમલો કરે છે. આપણે સૌ લાચાર નજરે આ બધું નિહાળી રહ્યા છીએ, નિરૂપાય બુદ્ધુની જેમ નિષ્ક્રિય બની રહ્યા છીએ. સાહિત્યની એક વિશેષતા ચીંધી બતાવતાં કહ્યું કે સાહિત્ય પોતાની સત્તા સ્થાપિત નથી કરતું. રાજ્યસત્તાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ભાષા રાજ્યથી અધિક પ્રાચીન છે. માનવીય સ્વભાવની વાત કરતાં કહ્યું કે આપણે વધુ સ્વપ્નશીલ છીએ. પણ આપણે સ્વપ્ન સેવવાનું બંધ કર્યું છે કે આપણે આ દુનિયા

બદલી નાખીએ. તેમણે ખેદ વ્યક્ત કર્યો કે માનવીય સ્થિતિને પ્રભાવિત કરે તેવું સાહિત્ય હવે રહ્યું નથી. તેમણે વધુમાં જણાવ્યું કે સાહિત્યનું સત્ય અધૂરું સત્ય છે જ્યાં સુધી ભાવક પોતાનું સત્ય તેમાં ઉમેરે નહિ. સાહિત્ય ભાવકને તેની સચ્ચાઈ સાથે સામેલ થવાનું નિમંત્રણ આપે છે. સાહિત્યની તાસીર વર્ણવતાં તેમણે કહ્યું કે સાહિત્ય તમામ સત્તાઓ સામે, વળી પોતાના માટે પણ, પ્રશ્નો ઉઠાવે છે. સાહિત્ય પોતાના સત્ય માટે પણ સંશય ઉઠાવે છે. તેથી જ સાહિત્યનું સત્ય વાસી નથી બનતું. સાહિત્ય સત્ય અને સૌંદર્યની ચોકસાઈ કરે છે, ન્યાયની કસોટી પર લઈ જાય છે. સાધારણનો મહિમા અન્ય કોઈ શિસ્તમાં નથી. અહીં તેમણે પ્રેમચંદજીના ‘ગોદાન’ને સંભાર્યું. સમયની નાડ પર આંગળી મૂકી તેમણે જણાવ્યું કે આપણા સમયમાં આપણા અંતઃકરણ પર પ્રહાર છે. આ મૃતપ્રાય અંતઃકરણને જાગ્રત કરવું તે પ્રાપ્ત ધર્મ છે. વર્ષાબહેન તથા અશોકજી બંનેનાં વક્તવ્યોમાં રહેલ એકસમાન સૂર – વાચકે સક્રિય બનવું જોઈએ – ને ઉદ્‌ઘોષક રાકેશભાઈએ પકડ્યો હતો. આ પછી સર્વશ્રી ગોવિંદ સરૈયા, ભગવતીકુમાર શર્મા તથા અનિલા દલાલે પ્રાસંગિક ટૂંક ઉદ્‌બોધનો કર્યાં હતાં. ત્યારબાદ ગુજરાતી વિભાગ માટે રૂપિયા બે કરોડનું દાન આપનાર દાતાશ્રી હિતેશ પટેલનું સન્માન-અભિવાદન પુષ્પગુચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું.

ઉદ્‌ઘાટન-બેઠક પછીની બીજી બેઠકનો વિષય હતો – ‘સર્જકનું પુનઃ મૂલ્યાંકન : જયંત પાઠક.’ બેઠકના અધ્યક્ષ હતા શ્રી રવીન્દ્ર પારેખ. વક્તાઓ હતા સર્વશ્રી સતીશ વ્યાસ, મણિલાલ હ. પટેલ તથા વિજય શાસ્ત્રી. બેઠકના આરંભે શ્રી રવીન્દ્ર પારેખે વિષયની ટૂંકી ભૂમિકા બાંધી હતી. પછી પ્રથમ વક્તા શ્રી સતીશ વ્યાસે જયંત પાઠકની કવિતા વિશે સાહજિક શૈલીમાં વાત કરી હતી. તેમણે કહ્યું કે જયંત પાઠકની કવિતા ઓછાબોલી છે. જયંત પાઠકની કાવ્યવિષયક વિભાવના વિશે નિર્દેશ આપતાં સતીશ વ્યાસે જણાવ્યું કે જયંત પાઠક ઓછાબોલી કવિતાના પુરસ્કર્તા છે. કવિતા વાણીમાં નથી તેમ કવિતા મૌનમાં નથી. તેઓ માનતા / કહેતા કે બોલુંબોલું થતી કવિતા કવિતા છે. અહીં તેમણે ‘શું પંડિતનું પાઘડું...’ ‘કવિતા ન કરીએ તો શું થાય ?’ ‘કાંકરો ફેંક્યો, અદ્દલ ઘટ ફૂટ્યો ને કવિતા થઈ’ વગેરે દૃષ્ટાંતો આપ્યાં. તેમણે જણાવ્યું કે જયંત પાઠકે સૉનેટ્સ લખ્યાં, પ્રયોગો કર્યા, વૈવિધ્યપૂર્ણ રચનાઓ કરી, સૉનેટમાં ઘણું કામ કર્યું છે. કાવ્યના વિષયો પરત્વે નિર્દેશ કરતાં જણાવ્યું કે ભક્તિ કે દેશભક્તિથી કવિ આઘા રહ્યા છે. ‘‘આ અગાશી, આપણા હરદ્વાર-કાશી’’ રચનાનો ઉલ્લેખ કર્યો. કાશી-તીર્થસ્થાનની ભક્તિભાવે પ્રશંસા કરનાર નથી. તેમની કવિતામાં પ્રેમ, પ્રભુપ્રીતિ વગેરેનું નિરૂપણ છે. પ્રકૃતિવિષયક રચનાઓમાં ઉનાળાનાં ચિત્રો સરસ મળે છે. સતીશભાઈ જણાવે છે કે આ ચિત્રોમાં વિશેષતા, વિલક્ષણતા, વિચિત્રતા જોવા મળે. તેમણે દાંપત્યજીવનનું નિરૂપણ કરતું, નાજુક ભાવનું નોંધપાત્ર સૉનેટ યાદ કર્યું અને બહુ જ ટૂંકા ઉલ્લેખથી સરસ આસ્વાદ કરાવ્યો, છંદપાઠ પણ સરસ થયો.

**'તમે આવ્યા મારે નગર, ઘરને આંગણ પિયા**
**અને મેં મૂર્ખીએ રીસની રગમાં શબ્દ સરખો**
**કહ્યો ના પ્રીતિનો, સૌની જ્યમ દઈ દીધી મેં પણ વિદા.'**
**... .... ..... ....**
**'સ્વભાવે તીખી તે જરી જરીમાં વાંકું પડતું.'**

આ સૉનેટમાં દાંપત્યપ્રેમની નજાકત જોવા મળે છે. ગઝલપ્રકારની રચનાઓ કરવી એ એમની પસંદગીનું ક્ષેત્ર રહ્યું નહોતું. છતાં 'ભીની ભીની હવામાં...' રચના ઉલ્લેખનીય છે. 'ભલાજી' જૂથનાં કાવ્યોની વાત કરી. કેટલાંક સરસ કલ્પનોની વાત કરી. 'રણ' કાવ્યનો ઉલ્લેખ કર્યો.

**''સૂર્ય પાંખથી ખરખર રેત ખરે,**
**ઊંચી ડોકે ઊંટ આભનો / તડકો ચરે.''**

'ક્ષણોમાં જીવું છું' સંગ્રહનો ઉલ્લેખ કર્યો. '૩૦મી જાન્યુ. ૧૯૯૪' ગાંધીજી વિશેનું કાવ્ય છે તેનો પણ ઉલ્લેખ કર્યો. સતીશ વ્યાસે તેમની રજૂઆતમાં જયંત પાઠકના પોતે વિદ્યાર્થી હોઈને વર્ગમાં અને વર્ગની બહાર કવિ / અધ્યાપક સાથે જે વાતો, ચર્ચાઓ વગેરે થતાં તેની સંસ્મરણાત્મક ભૂમિકા સાથે વાત કરી હતી. તટસ્થ છતાં આત્મીય ભાવે આખી વાત મુકાઈ હતી.

પુનઃમૂલ્યાંકનની બેઠકના બીજા વક્તા શ્રી મણિલાલ હ. પટેલે જયંત પાઠકના સર્જનાત્મક ગદ્ય વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે 'વનાંચલ' વાંચીએ ત્યારે પંચમહાલની ભૂમિની સુગંધ અનુભવાય. તેમણે જણાવ્યું કે વનાંચલની ફેરતપાસને અવકાશ છે. વનાંચલના લેખને જયંત પાઠકને બંધવી નાખ્યા છે. 'મર્મર'માં ગ્રામસંસ્કૃતિનાં ચિત્રો છે. તેમના ગદ્યમાં વનાંચલ, તરુરાગ, નદીસૂક્ત અને વિચારપ્રધાન નિબંધોનો સંગ્રહ. મણિલાલે કહ્યું કે મનેખનું કાળજું હોય તેનાથી વતનની વાત છૂટતી નથી. તેમણે જણાવ્યું કે ''વનાંચલ હું વારંવાર વાંચું છું. સહજ ઝરણાની જેમ વહી આવતાં સ્મરણો એટલે વનાંચલ. શૈશવ લખાવે છે અને લેખક લખે છે.'' 'તરુરાગ' 'વનાંચલ'ની પૂર્તિરૂપ છે. 'નદીસૂક્ત' એ પોતાનું પુનરાવર્તન લાગે છે. 'જનમભોમને જલાંજલિ'માં દર્શક 'વનાંચલ' વિશે લખે છે. ''અકૃત્રિમ અને અનાયાસ શૈલીમાં વનાંચલ લખાયું છે.'' મણિલાલ ઉમેરે છે કે ''વનાંચલ, ખાસ તો ૧૨મું પ્રકરણ ગુજરાતી નિબંધનું ઘરેણું છે.'' વિભૂતિભૂષણની 'આરણ્યક'ની યાદ આપે છે. 'તરુરાગ'માં ૧૧ વૃક્ષોની વાત કરી છે. તેની આગવી ઓળખ વર્ણવી છે. તેમણે સર્જકના સર્જનાત્મક ગદ્યનો પરિચય કરાવ્યો.

આ બેઠકના ત્રીજા વક્તા શ્રી વિજય શાસ્ત્રીએ જયંત પાઠકના વિવેચન અંગે વાત કરી હતી. તેમણે કહ્યું કે આ નિમિત્તે પંદરેક પુસ્તકોમાંથી પસાર થવાનું બન્યું. તેમણે જયંત પાઠકના વિવેચનનાં ત્રણ પાસાં તારવ્યાં.

૧. આધુનિક કવિતાપ્રવાહ, ૨. સૈદ્ધાન્તિક વિવેચન, ૩. પ્રત્યક્ષ વિવેચન.

આધુનિક કવિતાપ્રવાહ અંગે જયંત પાઠકના જ શબ્દો તેમણે યાદ કર્યા. ‘‘સુન્દરમ્નું અર્વાચીન કવિતા જ્યાં પૂરું થાય છે ત્યાંથી મારું કામ શરૂ થાય છે.’’ વિષ્ણુપ્રસાદ ત્રિવેદીના માર્ગદર્શન નીચે આ અભ્યાસ તૈયાર થયો હતો. નવીનતર કવિતા વિશે, ઈ. સ. ૧૯૪૦ પછીની કવિતા વિશે આમાં અભ્યાસ છે. નવીનતમ વિશે અહીં અભ્યાસ અપેક્ષિત નથી. તેમણે કહ્યું હતું ‘‘તે બીજા કરશે.’’ આ અભ્યાસ જ્યારે થાય ત્યારે પૂર્વવર્તી સમયનું નિરૂપણ જરૂરી બને. તેમણે તેમ કર્યું. તેમનો ગદ્યલય વગેરે નોંધપાત્ર છે.

સૈદ્ધાંતિક ચર્ચાના મુદ્દે તેમણે જણાવ્યું કે પશ્ચિમના ઘણા વિવેચકોને તેમણે વાંચ્યા છે. તેમજ ભારતીય શાસ્ત્રીય મીમાંસાનો સારો અભ્યાસ છે. શુદ્ધ કવિતાનો મુદ્દો તેમની ચર્ચાનો વિષય બને છે. શેલીના ‘સ્કાયલાર્ક’ કાવ્યમાં Contemplation છે તેમ કહેતા. ન્હાનાલાલ ઉપર ઘણા લેખો આપ્યા છે.

અપદ્યાગદ્યની ચર્ચામાં જયંત પાઠક ડોલનશૈલી સ્વીકારી શકતા નથી. જયંત પાઠક છંદના આગ્રહી છે. તેમણે ઉલ્લેખ કર્યો કે કૃતિનિષ્ઠ સમીક્ષાઓ જયંત પાઠકે આપી છે. ઉપસંહાર કરતાં કહ્યું કે જયંત પાઠક સમદર્શી, મધુદર્શી વિવેચક છે. તેમનું વલણ કેથોલિસિટીનું છે. તેમનામાં સમજપૂર્વકની શાલીનતા પ્રવર્તે છે.

પુનઃમૂલ્યાંકનની બેઠકના અધ્યક્ષશ્રી રવીન્દ્ર પારેખે તેમના અધ્યક્ષીય વક્તવ્યનો વિષય પસંદ કર્યો હતો – ‘ડૉ. જયંત પાઠકની કવિતા : મૂલથી ઊર્ધ્વમૂલ તરફ.’ એટલે કે તેમણે જયંત પાઠકની કવિતા વિશેનો પોતાનો અભ્યાસ રજૂ કર્યો હતો. આમ તો આ બેઠકના બધા જ વક્તાઓએ જયંત પાઠકની કવિતાને એક યા બીજી રીતે યાદ કરી હતી. તેમાં સૌની કવિતાપ્રીતિ તેમ જયંત પાઠકની કવિતા માટે પ્રીતિ એમ સમજાતું હતું. પણ અધ્યક્ષ તરીકે ૨૦ પાનાંનું છાપેલું વક્તવ્ય સુલભ કરી આપ્યું હતું અને તેમાં જયંત પાઠકની કવિતાને સમગ્રપણે મૂલવવાનો પ્રયત્ન હતો. કવિના આરંભથી અંત સુધીના બધા જ સંગ્રહોને ક્રમશઃ અવલોકતાં જઈ, યોગ્ય કાવ્યપંક્તિઓ રજૂ કરતાં જઈ કવિના જે કાંઈ વિશેષ પ્રગટતા હોય તેને ચીંધી બતાવી એક સરસ આસ્વાદ-આલેખ આપ્યો હતો. રવીન્દ્ર પારેખ આરંભમાં જ નોંધે છે : ‘‘તે વગડા અને ગાંધીવિચારધારાથી ઘડાયા છે. તે પ્રકૃતિથી તો ખરા જ, સંસ્કૃતિથી પણ દીક્ષિત છે.’’ જયંત પાઠક એટલે વનાંચલ એવા સમીકરણમાંથી જાણે સૌને મુક્ત કરવા રવીન્દ્ર પારેખ ઉદ્યુક્ત બન્યા છે. તેમણે કવિની કવિતાને ચાર ભાગમાં વહેંચી છે.’’ પહેલો ખંડ તે વનાંચલ પૂર્વેની કવિતાનો, બીજો ખંડ તે વનાંચલ પછીની કવિતાનો, ત્રીજો ખંડ તે અધ્યાત્મરંગી કાવ્યોનો ને ચોથો ખંડ તે કવિતાવિષયક કવિતાનો ને પ્રકીર્ણ કાવ્યોનો.’’ રવીન્દ્ર પારેખ નોંધે છે : ‘‘આમ કવિને ગઝલ બહુ ફળી નથી, પણ ‘મર્મર’નું આ મુક્તક તેમને ઘણી તકો આપે છે.

**'મને જિંદગીને મરણની ખબર છે,**
**કબર પર ફૂલો ને ફૂલો પર કબર છે.'**

એક બીજું નિરીક્ષણ તેઓ આપે છે. '' 'વિસ્મય' સુધી કવિ પ્રભાવ ઝીલે છે, તે પછી પ્રભાવ પાડે છે.'' તેમણે કવિનું એક મનોરમ કલ્પનોદ્ગયન ટાંક્યું છે :

**'એક માળો બાંધીએ આકાશમાં,**
**ચંદ્રકિરણોની સળી લો ચાંચમાં.'**

'સર્ગ'માં પણ શારકામ ઊંડું ચાલે છે એમ નોંધી 'ચિતારો' નામક ગીતનો એક અંતરો રજૂ કરે છે :

**એક લસરકે ઊગી નીકળ્યાં**
**જંગલ જંગલ ઝાડ**
**ટપકે ટપકે ફૂટી નીકળ્યાં**
**ધરતી પરથી પ્હાડ !**
**ઘટ્ટનીલિમા નરી –**
**અજબ મિલાવટ કરી**
**ચિતારે રંગપ્યાલીઓ ભરી.'**

એક એવું કવિ કલ્પનાનું દૃષ્ટાંત નોંધે છે :

**'હવે ફાટ્યું કાલું નામનું, તડકાના હૂંફભર્યાં**
**સુંવાળા ને ધોળા અહીંતહીં રૂનાં પોલ ઊડતાં.**
**નવેલા રોમાંચે દ્રુમ રુધિર કોશો ઊઘડતાં;**
**ઊંચે પર્ણે પર્ણે જયધ્વજ ધરાના ફરફર્યાં.'**

કપાસના ફાટતા કાલાની જેમ વસંત વિસ્ફોટે છે અહીં ! પ્રકૃતિમાં રહેલું નાદતત્ત્વ કવિ આમ પ્રમાણે છે :

**'રોજ ખરે છે પાન, રડે છે ડાળ**
**ખડખડ ખડખડ પીળું હસે છે કાળ !'**

જયંત પાઠક અછાંદસમાં બાળકથાતત્ત્વ કઈ રીતે ચિંતન સુધી પહોંચે છે તેનું એક દૃષ્ટાંત રવીન્દ્ર પારેખ નોંધે છે :

**'જે જાણે તે જાણે**
**મૃત્યુ એટલે કાચબો**
**ધીમે ચાલીને એ હંમેશાં**
**સસલાને હરાવે છે.'**

જીવન, વચ્ચે વચ્ચે ઝોલાં ખાતું હોય છે, પણ મૃત્યુની ગતિ ધીમી, મક્કમ, અટલ અને અતૂટ છે. જીવન ગમે તેટલું આગળ કૂદે પણ મૃત્યુ તેને હરાવે જ છે.

રવીન્દ્ર પારેખ નોંધે છે : ''જયંતભાઈની કવિતાઓમાં ઝાઝા વળાંકો ને મોટાં પરિવર્તનો નથી, પણ દરેક સંગ્રહે કોઈ નવું તત્ત્વ ઉમેરાય છે, ને તે ભળી ગળી જાય તે રીતે. તેને સાચવીને સૂક્ષ્મદર્શકથી જોવું પડે છે. એક પછી એક શિખરો સર કરતાં કવિ ચિંતન સુધી આવે છે. સૉનેટ છે. માત્રામેળી રચનાઓ છે, પણ મહિમા અછાંદસનો છે : મૂલ અહીં ઊર્ધ્વમૂલ બને છે.

**'ભૂળિયાં વગર – જાણે અધ્ધર વવાયો છું.'**

અંતમાં રવીન્દ્ર પારેખ જણાવે છે કે ''મૂલનો મહિમા કરતાં કરતાં કવિ ઊર્ધ્વમૂલ બને છે. વનથી મન ને ત્યાંથી ગગન એ જયંતભાઈની કવિતાનો ઊર્ધ્વમુખી વિસ્તાર છે.''

આ બેઠકનું સંચાલન શ્રી નીતિન વડગામાએ કર્યું હતું.

પ્રથમ દિવસની ત્રીજી બેઠક રાત્રે ૭.૩૦થી ૮.૩૦ વાગે હતી. શ્રી વર્ષા અડાલજાના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકનું સંચાલન શ્રી પ્રફુલ્લ રાવલે કર્યું હતું. આ બેઠકમાં પારિતોષિક-વિતરણ કરવામાં આવ્યું હતું. ૫૬ પાનાંની પુસ્તિકામાં ૨૦૧૦-૨૦૧૧ના બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો પૈકી પુરસ્કૃત લેખકો તથા પારિતોષિકોની માહિતી અત્રે સુલભ હતી. પુરસ્કૃત લેખકો પૈકી જે ઉપસ્થિત રહ્યા તેમને પારિતોષિક વિતરણ કરવામાં આવ્યાં હતાં.

ચોથી બેઠકમાં રાત્રિ-કાર્યક્રમમાં 'મળેલા જીવ'નું વાચિકમ્ પ્રસ્તુત થયું હતું. તમામ પ્રેક્ષકોને પ્રભાવિત, રસતરબોળ કરનારું આ વાચિકમ્ આ સત્રની કાયમી સ્મૃતિભેટ બની રહેશે. સંકલન અને નિર્દેશન શ્રી પરેશ નાયક તથા સહયોગ દૃષ્ટિ પટેલનાં હતાં. કલાકારો હતાં સર્વશ્રી રાજુ બારોટ, આરતી પટેલ, અર્ચન ત્રિવેદી, મોરલી પટેલ, ભરત ઠક્કર, જિગીષા ત્રિવેદી, તુષાર દવે. સૌ અભિનંદનને પાત્ર છે.

જ્ઞાનસત્રના બીજા દિવસે તા. ૨૨, શનિવારના રોજ સવારે ૮.૦૦થી ૯.૩૦ કલાકે યુનિવર્સિટીના મિટિંગ હૉલમાં મધ્યસ્થ અને કાર્યવાહક સમિતિની સંયુક્ત બેઠક મળી હતી.

સવારે ૧૦.૦૦ કલાકે જ્ઞાનસત્રની પાંચમી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી કીર્તિદા શાહે કર્યું હતું. આ બેઠકમાં ૨૦૧૦-૨૦૧૧ એમ બે વર્ષના સાહિત્યનું સરવૈયું રજૂ થયું હતું. કીર્તિદાબહેને સરવૈયાની બેઠકને જ્ઞાનસત્રના હૃદય સમાન ગણાવી હતી. આ બેઠકના અધ્યક્ષશ્રી દીપક મહેતા હતા. તેમણે આરંભમાં ભૂમિકારૂપ ટૂંકું ઉદ્બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે સરવૈયાનું કામ રણજિતરામ એકલે હાથે કરતા હતા. આજે આપણે આખા દિવસની બે બેઠકો અને ૧૧ વક્તાઓ દ્વારા આ કામ સંપન્ન કરીએ છીએ. આ કામ માટે ભૂતકાળમાં જેમ ટાંચા સાધનો હતાં તેમ અત્યારે પણ પરિસ્થિતિમાં બહુ ફેર પડ્યો નથી. તેમણે નોંધ્યું કે સરવૈયાની જે કામગીરી જ્ઞાનસત્રમાં થાય છે તેના પ્રકાશનની કે જાળવવાની વ્યવસ્થા નથી. ત્યારબાદ સર્વશ્રી અજયસિંહ ચૌહાણ, શૈલેષ ટેવાણી, પારૂલ દેસાઈ, સંધ્યા ભટ્ટ, રૂપા શેઠ એમ પાંચ

વક્તાઓએ અનુક્રમે કવિતા, નાટક, વિવેચન, ચરિત્ર-સાહિત્ય, અનુવાદ સાહિત્યના ક્ષેત્રે છેલ્લાં બે વર્ષ દરમિયાન પ્રસિદ્ધ થયેલ પુસ્તકો અંગે સમીક્ષાત્મક ટિપ્પણીઓ સાથે પેપરરીડિંગ કર્યું હતું. બધા જ વક્તાઓની તૈયારી તથા રજૂઆત પ્રશંસનીય રહ્યાં હતાં.

બપોરે ૩.૦૦ કલાકે જ્ઞાનસત્રની છઠ્ઠી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી જનક નાયકે કર્યું હતું. અધ્યક્ષ તરીકે શ્રી દીપક મહેતાએ જવાબદારી સંભાળી હતી. સરવૈયાની આ બેઠકમાં સર્વશ્રી કનુ ખડદિયા, દીપક પટેલ, અજય રાવળ, યશોધર રાવલ, રાજેશ્વરી પટેલ, વિરંચિ ત્રિવેદી એમ છ વક્તાઓએ અનુક્રમે ટૂંકી વાર્તા, નવલકથા-૨૦૧૦, ૨૦૧૧, નિબંધ, સંશોધન-સંપાદન, બાળસાહિત્યના ક્ષેત્રમાં છેલ્લાં બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકો અંગે સમીક્ષાત્મક નોંધ સાથેનાં પેપરરીડિંગ કર્યાં હતાં. સરવૈયા અંગે સૌ વક્તાની નિષ્ઠા તેમની રજૂઆતમાં દેખાતી હતી. અધ્યક્ષશ્રીએ સૂચન કર્યું હતું કે હવે પછી આ બેઠકમાં સામયિકોની ચર્ચા માટે અવકાશ ઊભો કરવો.

સાતમી બેઠક રાત્રે ૮.૩૦ વાગે શરૂ થઈ હતી. યજમાન સંસ્થા તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત થઈ હતી. મુખ્ય મહેમાન શ્રી મનોજકુમાર દાસ (કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા) તથા અતિથિવિશેષ શ્રી હર્ષદ ત્રિવેદી (મહામાત્ર, ગુજરાત સાહિત્ય અકાદમી) અને શ્રી સૌરભભાઈ જે. દેસાઈ – પલસાણા ઉપસ્થિત હતા. શાસ્ત્રીય નૃત્યો, પારસી કોમેડી દ્વારા શ્રોતાજનોનું પ્રસન્નકર મનોરંજન થયું હતું.

તા. ૨૩, રવિવારે સવારે ૯.૦૦ વાગે આઠમી બેઠકનો આરંભ થયો હતો. આ બેઠકનાં અધ્યક્ષા શ્રી ઇલા આરબ મહેતા હતાં. સંચાલન શ્રી કીર્તિદા શાહે સંભાળ્યું હતું. વિષય હતો 'સાહિત્યસ્વરૂપ : નવલકથા : સમકાલીન નવલકથા.' વક્તાઓ હતા સર્વશ્રી યોગેન્દ્ર વ્યાસ, ભરત મહેતા અને ગુણવંત વ્યાસ. શ્રી યોગેન્દ્ર વ્યાસે ભાષાકર્મદૃષ્ટિએ સમકાલીન નવલકથા અંગે ચર્ચા કરી હતી. તેમની અનુપસ્થિતિમાં તેમનો નિબંધ શ્રી મનસુખ સલ્લાએ વાંચ્યો હતો. નિબંધમાં તેમણે ભાષાકર્મની સામાન્ય ચર્ચા કર્યા બાદ ધ્રુવ ભટ્ટની 'અકુપાર' નવલકથામાં ભાષકર્મ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. 'ગર્યમાં ગર મા, ગર તો ડર મા', 'ઈને ગર્યમાં પાણાથી માણાહ સહુની ચિન્તા' આવાં વાક્યો અને અન્ય ભાષાતપાસ કરી હતી. શ્રી ભરત મહેતાએ સમકાલીન નવલકથાનાં સામગ્રીલક્ષી સ્થિત્યંતરો વિશે પોતાની હંમેશની જોશભરી ભાષામાં રજૂઆત કરી હતી. ૩૦ વર્ષના ગાળામાં મહત્ત્વની અનેક કૃતિઓના ઉલ્લેખ સાથે પોતાના સ્પષ્ટ અભિપ્રાય સાથે રજૂઆત કરી હતી. તેમણે વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે આજના એટલે કે સમકાલીન પ્રશ્નોને નિરૂપતી કથા હોય તો સમકાલીન નવલકથા બને. તેમણે પોતાના લેખને એક પેટાશીર્ષક આપ્યું – 'હાંસિયાનો રણકતો અવાજ'. રઘુવીર ચૌધરીની 'ઉપરવાસ' કથાત્રયીના ઉલ્લેખ સાથે વાતની શરૂઆત કરી હતી. પછી ઇલા આરબ મહેતાની '૩૨ પૂતળીની વારતા', 'સાત પગલાં આકાશમાં'; બિંદુ ભટ્ટની 'મીરા યાજ્ઞિકની

ડાયરી', 'અખેપાતર'; અશોકપુરી ગોસ્વામીની 'કૂવો'; સુવર્ણાની 'અષાઢ તું આવ'; રવીન્દ્ર પારેખની 'લટહુકમ'; હિમાંશી શેલતની 'આઠમો રંગ' વ. વ. અનેક નવલકથાઓના ઉલ્લેખો સાથે સ્થિત્યંતરના મુદ્દાને સ્પષ્ટ કરતા ગયા. અંતમાં તેમણે નોંધ્યું કે નવા વિષયો આવ્યા છે, આપણે રાજકીય નવલકથા લખી શકતા નથી, અનેક પરિમાણોમાં વિસ્તરે તેવાં પાત્રો નથી. શ્રી ગુણવંત વ્યાસે સમકાલીન નવલકથામાં સ્વરૂપલક્ષી સ્થિત્યંતર વિશે વાત કરી. તેમણે કહ્યું કે સ્વરૂપ અને સામગ્રીનો ભેદ પોતે કરતા નથી. તેમણે 'કલ્પતરુ', 'આંગળિયાત' વગેરેના ઉલ્લેખ સાથે વાતનો આરંભ કર્યો. ત્રીસ વરસના સમયગાળામાં નવલકથામાં બદલાયેલ લાક્ષણિકતાઓ વર્ણવી. 'કાચંડો', 'દર્પણ', 'લટહુકમ', 'સુરાસુરા', 'કાફલો', 'ગીધ', 'અંધારું', 'ખડકી', 'સત્ય', 'સમુદ્રાન્તિકે' – 'તત્ત્વમસિ' – 'અકુપાર' વગેરે અનેક કૃતિઓના ઉલ્લેખ સાથે વાત કરી. ત્યારબાદ બેઠકનાં અધ્યક્ષા શ્રી ઇલા આરબ મહેતાએ સર્જક તરીકેની મૂંઝવણ સાથે વાતનો આરંભ કર્યો. વી. એસ. નાઇપોલ તથા ઉમાશંકરને યાદ કર્યા. બંને પોતાના ગામથી શબ્દ લઈને નીકળ્યા છે. નાયપોલને ટાંકીને ઇલાબહેને કહ્યું કે લખવા માટે You need a vast experience. જોકે અધ્યક્ષશ્રીનાં વક્તવ્યોની છપાયેલી પુસ્તિકામાં તેમનું ૧૦ પાનાંનું વક્તવ્ય 'સમકાલીન નવલકથા' વિષય પર વિતરિત થયું હતું પરંતુ મંચ પરથી તેમણે કેટલીક વાતો ટૂંકમાં રજૂ કરી હતી. તેમણે કહ્યું કે નવલકથાકાર માટે લેખનમાં નૂતનતા અને ઉત્તેજકતાની જરૂર છે. ૨૧મી સદીના નવલકથાના લેખક સામેના પડકારોનો ઉલ્લેખ કરી નવાં મૂલ્યો કયાં ? એવો પ્રશ્ન રજૂ કર્યો હતો. ઉદ્યોગીકરણ, જમીનો લઈ લે છે, નવા ફ્લૅટો થાય છે વગેરે આજની સમસ્યાઓ છે. ઉત્તેજના એટલે શું ? Sex, સમલિંગી સંબંધ, દારૂ, પબ, મહેફિલો, Live in Relationship એમ નિરૂપણવિષય આવતા જાય. નવીનતાની વ્યાખ્યા શું ? તેમણે ટોકરિયા બાવાનું દૃષ્ટાંત આપ્યું. અનેક રંગના ટુકડા શરીર પર લગાવીને નીકળતો બાવો જેમ આકર્ષે છે તેમ કરવાનું છે ? તેમણે જણાવ્યું કે જીવનના પાયાનાં મૂલ્યો સાથે લેખકે સમ્મત થવું જ જોઈએ. ભરત મહેતાના 'ફળની આશા છોડવી જોઈએ' ના કટુ ઉલ્લેખનો પ્રતિવાદ કરીને જણાવ્યું કે ફળની આશા છોડવાની વાત માર્મિક છે. લેખક માટે ભીતરની સંવેદના એ કૃષ્ણ છે; મૂર્તિ એ કૃષ્ણ નથી. બુકર પ્રાઇસ-વિજેતાને ટાંકીને કહ્યું, People find happiness in serious reading. આ વાંચ્યા પછી હું વધુ સારો માણસ બન્યો ? જો 'હા' તો હું સફળ; 'ના' તો નિષ્ફળ. કલાકાર કારીગર મટી જાય અને કલાકાર બને તેમાં સર્જકની સાર્થકતા છે.

ત્યારબાદ સવારે ૧૧.૦૦ કલાકે જ્ઞાનસત્રની નવમી બેઠકનો પ્રારંભ થયો હતો. આ બેઠકના અધ્યક્ષ શ્રી ભગવાનદાસ પટેલ હતા. સંચાલન શ્રી દક્ષા વ્યાસે સંભાળ્યું હતું. 'દક્ષિણ ગુજરાતની લોકકથા' વિષય પરની આ બેઠકમાં આરંભમાં અધ્યક્ષશ્રી ભગવાનદાસ પટેલે તેમનાં છાપેલાં ૩૦ પાનાંના વક્તવ્યનો સંક્ષેપ ૧૮ પાનાંમાં કરીને

રજૂ કર્યો હતો અને સમયસંદર્ભને નજર સમક્ષ રાખી ૬ પાનાનું વાચન કર્યું હતું. તેમનો વિષય હતો – 'ગુજરાતી સાહિત્યનાં ભીલી મૌખિક મહાકાવ્યો.' તેમાં તેમણે શરૂઆતમાં સંસ્કૃતિવિષયક ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે ''સંસ્કૃતિને પ્રકાર નથી હોતા, પરંતુ થર હોય છે. સંસ્કૃતિના નાગરિક, ગ્રામીણ અને આદિવાસી એવા ભેદ કૃતક છે. સંસ્કૃતિને ભેદ નથી હોતા પણ એકમો હોય છે.'' પછી જણાવે છે કે ''લોકનો જીવન અને જગતને જોવા-જાણવા-સમજવાનો અને અભિવ્યક્તિ કરવાનો પરંપરા-આધારિત અભિગમ એટલે લોકસંસ્કૃતિ. લોકસંસ્કૃતિ લોકવિદ્યા દ્વારા પ્રગટ થાય છે. (ફોકલોર). લોકસંસ્કૃતિની એક શાખા એ લોકવિદ્યા છે અને લોકવિદ્યાની એક પ્રશાખા એ લોકસાહિત્ય છે. લોકસાહિત્યનો એક પ્રકાર એ લોકમહાકાવ્ય છે.'' મૌખિક પરંપરામાં હોવાથી મૌખિક મહાકાવ્ય કહેવાય છે. ભીલી મહાકાવ્યોનો ગુજરાતી સાહિત્યમાં સ્વીકાર થાય તે માટે તેમણે દલીલો સહિત રજૂઆત કરી. આ બેઠકમાં અન્ય ત્રણ વક્તાઓએ – સર્વશ્રી જયાનંદ જોષી, વિક્રમ ચૌધરી અને ડાહ્યાભાઈ વાઢુએ – અનુક્રમે 'લોકકથાનું સ્વરૂપ', 'ધોડિયા અને ચૌધરી લોકકથાઓ' અને 'કુંકણા લોકકથાઓ' વિશે વક્તવ્યો આપ્યાં હતાં. વિક્રમ ચૌધરીએ દૃશ્ય-શ્રાવ્ય માધ્યમથી લોકકથાનું નિદર્શન આપ્યું હતું. વિક્રમ ચૌધરી તથા ડાહ્યાભાઈ વાઢુએ જે તે લોકભાષામાં કથા કહી સંભળાવી હતી. તેથી જે તે ભાષાનો પ્રત્યક્ષ પરિચય વિદ્વાનોને પ્રાપ્ત થયો હતો.

જ્ઞાનસત્રની દશમી (સમાપન) બેઠકનો પ્રારંભ ૧.૦૦ વાગે થયો હતો. આ બેઠકનું સંચાલન શ્રી રાકેશ દેસાઈએ સંભાળ્યું હતું. મંચસ્થ મહાનુભાવોમાં સચિવશ્રી ભાગ્યેશ જહા (અતિથિવિશેષ), વર્ષા અડાલજા (અધ્યક્ષ), દક્ષેશ ઠાકર, રઘુવીર ચૌધરી, અનિલા દલાલ, હર્ષદ ત્રિવેદી, રાજેન્દ્ર પટેલ, જે. આર. મહેતા શોભાયમાન હતા. શ્રી દક્ષેશ ઠાકરે અતિથિવિશેષશ્રીનું સન્માન કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે પરિષદ વતી ઠરાવ રજૂ કર્યો હતો કે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ 'ગુજરાતી' વિષયને દૂર કરવાનો વિચાર ચાલે છે તો તેનો વિરોધ નોંધાવીએ છીએ. આ પ્રસ્તાવ રજૂ કરનાર શ્રી રવીન્દ્ર પારેખ હતા અને ટેકો આપનાર શ્રી જનક નાયક હતા. સભાએ સર્વાનુમતે આ ઠરાવ પસાર કર્યો હતો.

ત્યારબાદ શ્રી ભાગ્યેશ જહાએ સંસ્કૃત ભાષામાં તેમના પ્રાસંગિક પ્રવચનનો આરંભ કર્યો હતો. તેમણે મેઘદૂતની શૈલીમાં ગાંધીનગરની પ્રાકૃતિક રમણીયતાનું વર્ણન કર્યું હતું. પછી માતૃભાષામાં વાત કરી તેમાં 'ગુજરાત' મેગેઝીનનું સરક્યુલેશન કઈ રીતે વધાર્યું તેની વિગતો આપી હતી. તે સાથે તેમણે ગુજરાતી ભાષા બોલનારની ચિંતા વ્યક્ત કરી હતી. ભાષા બચાવવાનો મુદ્દો ચર્ચ્યો હતો. આવાં જ્ઞાનસત્રો, સંવાદસત્રો, ગદ્યપર્વ વગેરેનાં આયોજનો કરીએ અને ભાષા બચાવીએ તેવી અપીલ કરી હતી. શ્રી રઘુવીર ચૌધરીએ આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે સરવૈયાની બેઠક સ્વતંત્ર કરવી અને પ્રતિવર્ષ કરવી તેવું વિચારાઈ રહ્યું છે. શ્રી વર્ષા અડાલજાએ જ્ઞાનસત્રની બધી જ

બેઠકો અંગે સંતોષ વ્યક્ત કર્યો. શ્રી હર્ષદ ત્રિવેદીએ કહ્યું કે ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદ બંને સંસ્થાઓનું ગન્તવ્ય એક જ છે. આવી સાહિત્યવિષયક પ્રવૃત્તિઓ માટે અકાદમી કૂણો ભાવ અનુભવે તે જરૂરી છે. આ મહાયજ્ઞમાં યુનિવર્સિટી તથા મ્યુનિસિપાલિટીએ જે ફાળો આપ્યો તે અંગે આનંદ વ્યક્ત કર્યો. શ્રી દક્ષેશ ઠાકરે આભાર-પ્રવચનમાં જણાવ્યું કે આ જ્ઞાનસત્ર-ઘટનાની ક્ષણો મારા માટે તથા યુનિવર્સિટી માટે શાશ્વત બની રહેશે. શબ્દ-ઓચ્છવમાં સૌ જોડાયા તેનો આનંદ છે. શ્રી રાજેન્દ્ર પટેલે ઉપસ્થિત સૌ સાહિત્યરસિકો, વિદ્યાર્થીઓ અને દક્ષેશ ઠાકર તથા આ તકે સંકળાયેલ તમામ વ્યક્તિઓ – સંસ્થાઓનો આભાર માન્યો હતો.

જ્ઞાનસત્રની ઉદ્‌ઘાટન-બેઠક પૂર્વે દક્ષેશ ઠાકર, મધુરાય, રાજેન્દ્ર પટેલ, સતીશ વ્યાસ, હર્ષદ ત્રિવેદી વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં પુસ્તક-પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયું હતું. ત્રણ દિવસ દરમિયાન સૌએ અનુકૂળતા મુજબ પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

ત્રણ દિવસ દરમિયાન ‘વિશ્વશાંતિની ગુરુકિલ્લી’ વિષય પર જાણીતા પોલીસ અધિકારી શ્રી હસમુખ પટેલે એક ટૂંકું વક્તવ્ય આપ્યું હતું. તે જ રીતે સુરતના નિવૃત્ત પોલીસ અધિકારીઓના એસોસિએશને શ્રી દક્ષેશ ઠાકરનું સન્માન કર્યું હતું.

આમ ૨૭મા જ્ઞાનસત્રને અનેક પ્રકારે સફળતા સાંપડી હતી.